# સંપત્તિની માયાજાળ



અજયભાઈ શેઠ

**પૈ**સો હાથનો મેલ છે કે પૈસો પરમેશ્વર છે ? આ વિરોધાભાસ વિચારનો જવાબ આપવો બહુ જ કઠીન છે. વાડની તમે કઈ બાજુએ ઊભા છો એના પર આધાર રાખે છે. પરંતુ એક વાત નક્કી છે કે જીવન જીવવા માટે, જીવનની આવશ્યકતાઓ પૂર્ણ કરવા માટે પૈસો પાકે પાયે જરૂરી છે.

નાનપણમાં એક નાટક જોયેલું: 'પૈસો બોલે છે.' એ જોયા પછી જીવનમાં અનુભવ્યું કે પૈસો ખાલી બોલતો જ નથી, ગાય છે, વગાડે છે, નચાવે છે. પૈસા વગર કશું જ શક્ય નથી. એક કહેવત છે: નાણાં વગરનો નાથીયો અને નાણે નાથાલાલ.



મારો પોતાનો નિજી અનુભવ છે પૈસા વગર જીવવું અસંભવ છે. પરંતુ જેમ જેમ પૈસો કમાતો ગયો તેમ તેમ પૈસાની ભૂખ વધતી ચાલી. શરૂઆતનો પૈસો કમાવાનો આનંદ તણાવમાં બદલાવવા લાગ્યો. તબિયત બગડવા લાગી. પૈસો હતો પરંતુ સુખ ન હતું, શાંતિ ન હતી, પ્રસન્નતા ન હતી.

મારા મા-સ્વામી જય-વિજયાજી મહાસતીજીએ ત્યારે સમજાવ્યું: ''પૈસો કે પદાર્થ ખરાબ નથી, પરંતુ એનો મોહ ખરાબ છે.'' Need અને Greed - જરૂરત અને લોભમાં ફરક છે. જીવન જીવવા માટે પૈસા, વસ્તુઓ અને પદાર્થોની જરૂર છે પરંતુ તેના મોહમાં આવી તેની પાછળ પડવું એ દુ:ખનું કારણ છે.

સુખ શું છે ? સંતોષ- આત્મ સંતુષ્ટિ એ સુખ છે. સાદું જીવન જીવીને પણ જો સંતોષ હોય તો એ સુખ છે અને મહેલમાં રહીને પણ સંતોષ ન હોય તો એ દુ:ખ છે. એક બાળક ફુગ્ગો ખરીદીને ખુશ છે તો બીજો વેચીને. સુખ એ જીવનની આંતરિક બાબત છે. તૃપ્તિ જેવું કોઈ સુખ નથી.

# સંતોષ-આત્મ સંતુષ્ટિ એ સુખ છે

**સુખ શું છે ? સંતોષ- આત્મ સંતુષ્ટિ એ સુખ છે. સાદું જીવન જીવીને પણ જો સંતોષ હોય તો એ સુખ છે અને મહેલમાં રહીને પણ સંતોષ ન હોય તો એ દુ:ખ છે.**

એક વાત નક્કી છે કે ચોક્કસ સ્તરની બહાર પૈસાની કોઈ કિંમત નથી.

જીવન એક યાત્રા છે જન્મથી મરણ સુધીની. બધો મનનો ખેલ છે. લોભ, તૃષ્ણા, પરિગ્રહ, મોહ, માયા એ સર્વે દુખી કરનારા પરિબળો છે. જ્યારે ઉદારતા, પ્રેમ, કરુણા, સ્નેહ એ સર્વે સુખી કરનારા પરિબળો છે. સંતોષ અને તૃપ્તિ મનને શાંતિ આપે છે. જીવન પસાર કરવા કરતાં સાર્થક કરવું જરૂરી છે. આપણો પડછાયો જ્યારે બીજા માટે છાંયડો બની જાય ત્યારે આપણું જીવન સફળ અને સાર્થક થયેલ ગણાય.

જીવન એક વરદાન છે. જીવન એક અવસર છે. અવિરત-અખંડિત આનંદના પ્રવાહમાં જીવવું એ એક લ્હાવો છે. પૈસો અને સંપત્તિ જરૂરી છે પરંતુ તેનો મોહ વ્યક્તિને દુ:ખી બનાવે છે. દાન અને ઉદારતા પૈસો અને સંપત્તિના મોહને ઘટાડવાનું કામ કરે છે. બીજાને મદદ કરવાથી એક અજોડ સુખ અને આનંદ જીવનમાં પ્રવેશે છે, જેને વર્ણવું મુશ્કેલ છે. એ અનુભૂતિથી જ સમજી શકાય.

કોઈના હૃદયના ઊંડાણને સ્પર્શવા માટે અંતરની ઉદારતા અને હૃદયની વિશાળતા હોવી જરૂરી છે. પૈસાનો સદુપયોગ એ સૌથી મોટા આશીર્વાદ છે. અહીંનું અહીં જ રહી જવાનું છે તો માપસર કમાવ, માપસર વાપરો અને બાકીનું વહેંચો. વાપરવાનો અને વહેંચવાનો એમ બંને આનંદ માણો. આ જ છે સત્‌ચિત્‌આનંદ. ❑❑❑

**પૈસો એ સાધન છે, સાધ્ય નથી.**

**પૈસાનો જો હેતુ ન હોય તો એ કાગળની જેમ છે.**

**સાચું ધન એ પ્રેમ, પ્રસન્નતા, આનંદ અને પ્રજ્ઞાથી ભરેલું જીવન છે.**

**પૈસાનો જો હેતુ ન હોય તો એ કાગળની જેમ છે.**

**પૈસાને નહીં, પૈસાના મોહને છોડો.**